# આજથી ધોરણ-૧૦-૧૨ની પરીક્ષા

**આજથી બાર્ડની શહેરના ૩૭૮૯૯ વિદ્યાર્થીઓ બોર્ડની કસોટી આપશે : શહેરના પુર્વ-પશ્ચિમ ઝોનમાંથી ૩૧૬૦૦ જેટલા વિદ્યાર્થીઓ ધોરણ-૧૦ની પરીક્ષા આપશે : શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ વિભાવરી દવે પરીક્ષાર્થીઓને ગુલાબનુ ફુલ આપી શુભેચ્છા પાઠવશે : પરીક્ષા દરમિયાન કોઇપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે વર્ગ -૧ ના અધિકારીઓની સ્કવોર્ડ રાઉન્ડ લેશે : તમામ કેન્દ્રો પર સી સી ટી વી કેમેરાની વોચ**

ગાંધીનગર તા ૧૧
આજથી ધોરણ -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થશે.



ગાંધીનગર શહેરમાંથી ૩૧,૬૦૦ જેટલા વિદ્યાર્થીઓ ધોરણ -૧૦ ની પરીક્ષા આપશે. જયારે ૪૦૪૨ વિદ્યાર્થીઓ ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપશે. આ ઉપરાંત ૨૩૪૬ વિદ્યાર્થીઓ ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં હાજરી આપશે. ગાંધીનગર જિલ્લામાં કુલ ૪૯૩૮૮ વિદ્યાર્થીઓ ધોરણ -૧૦ અને ૧૨ ની પરીક્ષા આપશે. વિદ્યાર્થીઓ માટે કુલ ૧૫૩ પરીક્ષા સ્થળો પર ૧૭૯૧ બ્લોકમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જયારે ૧૧ બ્લોકમાં સી સી ટી વી કેમેરાની વોચ ન હોય તેવા ઠેકાણે ટેબલેટની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે વર્ગ-૧ ના અધિકારીઓની સ્કોવોર્ડ પણ રાઉન્ડ લેશે. જયારે પરીક્ષાર્થીઓની મુંઝવણ દુર કરવા જિલ્લા શિક્ષણ તંત્રની કચેરી દ્વારા કન્ટ્રોલ રૂમ અને હેલ્પલાઈન પણ કાર્યરત કરવામાં આવી છે. આજે સે-૨૩ સ્થિત શેઠ સી એમ હાઈસ્કુલ ખાતે સવારે ૯ કલાકે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ સે-૭ ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે રાજય શિક્ષણમંત્રી વિભાવરીબેન દવે વિદ્યાર્થીઓને ગુલાબનુ ફુલ અને ચોકલેટ આપી પરીક્ષાની શુભેચ્છા પાઠવશે.

વિદ્યાર્થીઓ અને વાલીઓની ઉત્સુકતા વચ્ચે આજથી બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થશે. જિલ્લામાંથી કુલ ૪૯૩૮૮ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

ગાંધીનગર શહેરમાંથી પણ ૩૬ હજાર જેટલા વિદ્યાર્થીઓ ધોરણ -૧૦ ની પરીક્ષા આપશે. વિકલાંગ વિદ્યાર્થીઓ માટે સે-૮ સ્થિત સેન્ટ ઝેવિયર્સ શાળામાં વિશેષ બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ ઉપરાંત રાંધેજા ઈન્ટરનેશલ પબ્લીક સ્કુલમાં પણ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે બેઠક વ્યવસ્થાની ગોઠવણ કરાઈ છે. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે ૧૭૯૧ પૈકી ૧૭૭૪ બ્લોકમાં સી સી ટી વી કેમેરાની વોચ ગોઠવવામાં આવી છે.

જયારે ૧૧ બ્લોકમાં ટેબલેટ મુકાશે. ધોરણ -૧૦ માં આજે પ્રથમ ભાષાનુ અને ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિક વિજ્ઞાન વિષયની કસોટી આપશે. શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાં તેમજ વિભાવરીબેન દવે વિદ્યાર્થીઓને પરીક્ષાની શુભેચ્છા પાઠવશે. જયારે ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહમાં નામાના મુળતત્વો વિષયની પરીક્ષા લેવાશે. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પરીક્ષા સ્થળો આસપાસ ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા તેમજ અસામાજિક તત્વોને ડામવા માટે પુરતો પોલીસ બન્દોબસ્ત પણ ગોઠવી દેવાયો છે. પરીક્ષા દરમિયાન બોર્ડની સ્કોવોર્ડ ઉપરાંત વર્ગ -૧ ના અધિકારીઓ પણ રાઉન્ડ લેશે.

## સોશિયલ મીડીયામાં ખોટા પેપર ફરતા થયા અફવા તરફ ધ્યાન ન આપવુ : ડી ઈ ઓ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી બોર્ડની પરીક્ષાનો પ્રારંભ કરવામાં આવશે. જયારે પરીક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓ કોઈપણ પ્રકારની અફવા તરફ ન દોરાય તે માટે પણ જિલ્લા શિક્ષણતંત્રએ અપીલ કરી છે. આજે દિવસ દરમિયાન સોશિયલ મિડીયામાં વિવિધ વિષયોના પેપર ફુટયા હોવાના મેસેજીસની ભરમારના લીધે પરીક્ષાર્થીઓમાં પણ નવી મુંઝવણ ઉભી થઈ હતી. જો કે આ પ્રકારની અફવામાં ન આવવા માટે જિલ્લા શિક્ષણાધિકારીએ અપીલ કરી છે. પરીક્ષા દરમિયાન સોશિયલ મીડીયામાં બોર્ડની કસોટીના ખોટા પેપર ફરતા થાય છે. આજે પણ વિજ્ઞાન, ગણિત સહીતન વિષયના પેપરો ફરતા થયા હતા. જોકે આ અંગે જિલ્લા શિક્ષણાધિકારીએ જણાંવ્યા મુજબ આ પ્રકારની અફવા તરફ ધ્યાન આપ્યા વિના કે વિદ્યાર્થીઓએ ડીસ્ટર્બ થયા વગર પરીક્ષાની તૈયારી કરવા પણ જણાંવાયુ છે.

## વિદ્યાર્થીઓની મુંઝવણ દુર કરવા માટે કન્ટ્રોલ રૂમ અને કાઉન્સિલરો

ધોરણ -૧૦ અને ૧૨ ની પરીક્ષાને અનુલક્ષીને જિલ્લા શિક્ષણતંત્રની કેચરી દ્વારા કન્ટ્રોલ રૂમ પણ શરૂ કરી દેવાયો છે. જયારે વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારનો પ્રશ્ન હોય કે મુંઝવણ આ મામલે વિદ્યાર્થી વાલીઓને કન્ટ્રોલ રૂમના નંબર ૨૩૨૫૯૦૬૬ પર સંપર્ક કરવા માટે જણાંવાયુ છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓની મુંઝવણ દુર કરવા માટે કાઉન્સિલરોની પણ નિમણુંક કરવામાં આવી છે.

## રાજયસભાની ચૂંટણી માટે આજે ઉમેદવારીપત્ર ભરવાનો અંતિમ દિવસ

**ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો આજે ઉમેદવારી નોંધાવશે : કોંગ્રેસ દ્વારા મોડી સાંજે નારણ રાઠવા અને ડો. અમી યાજ્ઞિકની પસંદગી કરી**

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાતની રાજયસભામાં ખાલી પડતી ચાર બેઠકો માટે આજે ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ છે. ભાજપે આ ચૂંટણી માટે બે ઉમેદવારોના નામ જાહેર કરી દેવામાં આવ્યા છે. આ બન્ને ઉમેદવારો આજે તેમના ઉમેદવારી નોંધાવશે.

કોંગ્રેસ સંસદીય બોર્ડની મોડી સાંજે જાહેર થયેલ અખબારી યાદીમાં ગુજરાતમાં પૂર્વ કેન્દ્રીય રેલવે મંત્રી નારણભાઈ રાઠવા અને પ્રદેશ કોંગ્રેસના મહિલા અગ્રણી અને પ્રવકત્તા ડૉ. અમીબેન યાજ્ઞિકની રાજયસભાના ઉમેદવાર તરીકે પસંદગી કરી હતી.

ભાજપના જાહેર થયેલા ઉમેદવાર રાજયમંત્રી રૂપાલા સવારે ૧૦ વાગે વિધાનસભા સંકુલ પહોંચશે જયારે રાજયમંત્રી માંડવિયા સાયકલ ચલાવી અને રેલી સ્વરૂવે વિધાનસભા જઈ તેમનું ઉમેદવારીપત્ર ભરશે. આ માટે ભાજપ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. મળતી વિગતો પ્રમાણે બન્ને પક્ષો બે-બે ઉમેદવારોને જ મેદાનમાં ઉતારી ચૂંટણી ટાળશે. જોકે ચારે-ચાર ઉમેદવારો બિનહરિફ વિજેતા જાહેર થશે એ નિશ્ચિત મનાય છે. કોંગ્રેસ તરફથી તદન નવા નામોની જાહેરાતથી નેતાઓ અને કાર્યકરોમાં આશ્ચર્ય સર્જાયું હતું.

## એપ્રિલના પ્રથમ સપ્તાહમાં ગુણોત્સવ યોજાશે

**ત્રણ દિવસને બદલે બે દિવસનો જ ગુણોત્સવ યોજાશે : માર્કિંગ સિસ્ટમમાં પણ બદલાવની વિચારણા**

(પ્રકાશ જહા દ્વારા)

ગાંધીનગર, તા. ૧૧

એપ્રિલ માસના પ્રથમ સપ્તાહમાં ગુજરાત સરકાર દ્વારા ગુણોત્સવનું આયોજન કરવા અંગેની ગંભીર વિચારણા હાથ ધરવામાં આવી છે. આ માટે વિભાગને તૈયાર કરવાની પણ સૂચના બીજી તરફ આપી દેવામાં આવી છે.

મળતી વિગતો મુજબ સમય શૈક્ષણિક સત્ર સમાપ્તીને થવામાં થોડો બાકી રહ્યો હોવાથી ત્રિદિવસીય ગુણોત્સવને બદલે માત્ર બે દિવસનો જ ગુણોત્સવ યોજવાનો નિર્ણય લેવાય તેવી શક્યતાઓ વધુ છે.

આ સૂત્રોના જણાવ્યાનુસાર રાજયમાં ગુણોત્સવની માર્કિંગ પદ્ધતિમાં પણ સુધાર કરવા અંગેની વિચારણા ચાલી રહી છે. જેમાં ૮૦ ટકા ગુણાંક મૂલ્યાંકનને આધારે અને ૨૦ ટકા ગુણાંક ભૌતિક સુવિધાઓને લઈ કરવામાં આવે તેવી શક્યતાઓ છે. તાજેતરમાં એન.સી. આર.ટી.ના સર્વેક્ષણમાં જે રીતે ગુજરાતનો ક્રમ ગગડ્યો છે અને જે ચોંકાવનારા તારણો બહાર આવ્યા છે તેને પગલે સરકારે ગુણોત્સવનું આયોજન કરવા માટેનું મન બનાવી લીધુ છે.

પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાનું સ્તર જે રીતે નીચે જતુ જણાયુ છે તેને ધ્યાને રાખી સરકારે એન.સી.આર.ટી.ની પેટર્નનો અભ્યાસક્રમ પણ દાખલ કરવાનો નિર્ણય લઈ લીધો છે. સરકારમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં સતત પ્રયોગો કરવામાં આવી રહ્યા છે પરંતુ કોઈ ફળદાયી પરિણામ હાંસલ કરી શકાયુ નથી.

આ વખતે ગુણોત્સવમાં લેખન, વાંચન અને ગણિત ઉપરાંત શ્રૃત લેખન પર ભાર મુકવામાં આવશે તેવુ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

## પેથાપુરમાં સબસ્ટેશન બનાવવાની ફાઈલ સરકારમાં બે વર્ષથી પડતર છે : યુજીવીસીએલ

**પેથાપુરમાં વારંવાર ખોટકાતી વીજળીનો પ્રશ્ન લોક દરબારમાં ચમક્યો : વીજ પુરવઠાની વધ-ઘટથી ગ્રામજનો ત્રાહિમામ**

ગાંધીનગર, તા. ૧૧

પેથાપુર નગરપાલિકામાં વધતા જતા વસ્તીભારણને પગલે બે વર્ષ પહેલાં સબસ્ટેશન બનાવવા માટે જમીન ફાળવણીનો ઠરાવ કરાયો હોવા છતાં નિર્ણય ન લેવાતાં નગરજનોમાં રોષની લાગણી ઉભી થવા પામી છે.

આજે ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા યોજાયેલ લોકદરબાર કાર્યક્રમમાં પણ આ પ્રશ્ન ચમક્યો હતો. ભાજપની જ નગરપાલિકા, ભાજપની જ રાજ્ય સરકાર હોવા છતાં આ અંગેનો મુદ્દો નગરપાલિકાના પ્રમુખે ઉપસ્થિત કરી જણાવ્યુ હતુ કે વારંવાર વીજકાપની સ્થિતિનો સામનો કરતા નગરજનો અને તેને પગલે આ વિસ્તારના વિકાસમાં પણ રૂકાવટો ઉભી થઈ રહી છે. સબસ્ટેશન બનાવવા માટે નગરપાલિકાએ સર્વસંમતિથી પ્રસ્તાવ પણ પસાર કરી માંગણી મુજબની જમીન ફાળવી આપવા દરખાસ્ત મોકલી આપી છે. તેમણે તાત્કાલિક સબસ્ટેશન બાંધી નગરજનોને રાહત આપવા માંગ કરી છે.

આના પ્રત્યુત્તરમાં યુજીવીસીએલના સત્તાવાહકોએ જણાવ્યુ હતુ કે હાલમાં પેથાપુર ગામને ૬૬ કે.વી. રાંધેજા સબ સ્ટેશનમાંથી નીકળતા ૧૧ કે.વી. લીસ્સા જે.જી.વાય ઉપરથી વીજ પુરવઠો આપવામાં આવે છે. લીસ્સા ફિડરની કુલ લંબાઈ ૨૦




કી.મી. છે. હાલમાં તેની ઉપર ૧૦૭ ટ્રાન્સફોર્મર જોડાયેલા છે. રોજરોજ આ વિસ્તારમાં વિકાસને કારણે વીજભાર વધવાની શક્યતા રહેલી છે.

ઉનાળાના સમય દરમ્યાન લીસ્સા ફિડર ઉપર ૧૫૦ એમ્પિયરથી વધુ લોડ આવે છે. જેને કારણે વીજપુરવઠામાં સતત વધ-ઘટની ફરિયાદ રહે છે તે વાત સાચી છે.

સત્તાવાળાઓએ સ્વીકાર કર્યો છે કે નગરપાલિકા દ્વારા ફતેપુરા ખાતે જમીન ફાળવવા માટે વાંધો નથી તેવો પ્રસ્તાવ ૧૭-૬-૧૬ થી કરી આપવામાં આવેલ છે. પરંતુ આજદિન સુધી જમીન ફાળવણી અંગે કોઈ નિર્ણય લેવામાં આવેલ નથી. આ ફાઈલ કલીયર થયા બાદ જમીન મળેથી આગળની કાર્યવાહી હાથ ધરવાની હૈયાધારણ આપી હતી.

આજના આ લોકદરબારમાં દહેગામના ઔદ્યોગિક વિસ્તારમાં ઝાંકમાં પણ સબસ્ટેશન બનાવવાનો મુદ્દો ત્યાંની ઔદ્યોગિક વસાહત દ્વારા રજુ થયો હતો.

ગ્રામીણ વિસ્તારમાં વીજ પુરવઠાની વધ-ઘટને લઈ પણ વધુ પ્રશ્નો રજુ થયા હતા. ઉ.ગુ. વીજ કંપનીના અધિકારીઓએ તેમના દ્વારા આ માટે લેવામાં આવી રહેલ પગલાંઓની વિગતો આપી સંતોષ આપવાનો પ્રયત્ન કર્યો હતો.

બે માસનું વીજબીલ ભેગુ આપવાનો કારણે ગ્રાહકોને નુકશાન થતુ હોવાનુ, મીટર રિડીંગ વખતે ફોટોગ્રાફસ લેવા જોઈએ તેવી રજુઆતો પણ આજના આ લોકદરબાર કાર્યક્રમમાં થઈ હતી.

આ લોક દરબાર કાર્યક્રમમાં ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, ગાંધીનગર(દ)ના ધારાસભ્ય તથા વિધાનસભાના પૂર્વ ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પ્રાસંગિક ઉદ્દબોધનોમાં અધિકારીઓ દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોને બિરદાવ્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે લોકોના પ્રશ્નો સકારાત્મક અભિગમ સાથે ઉકેલવામાં આવે તે જરૂરી છે.

આ લોકદરબારમાં ઉત્તર ગુજરાત વીજ કંપનીના ચીફ ઈજનેર શ્રી મંગલ, અધિક્ષક ઈજનેરશ્રી શ્રોફ, ગાંધીનગર યુજીવીસીએલના કાર્યપાલક ઈજનેર માલાબેન શાહ તેમજ અધિકારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ગાંધીનગર સમાચારની
વર્ષગાંઠ નિમિત્તે
હાર્દિક શુભેચ્છા....

પિનાકીન એમ. રાવલ
એડવોકેટ - હાઈકોર્ટ ઓફ ગુજરાત
પ્રમુખ - ગાંધીનગર સમસ્ત બ્રહ્મસમાજ

બંગલા નં. બી-૧૭,
ઈન્ફોસીટી ટાઉનશીપ,
ઘ-૦, ગાંધીનગર

With Best Compliments from...
MARKETING?
Black Position
WWW.BLACKPOSITION.IN | +91 9409250795